## અડાજણમાં મૂળ મહેસાણાની 28 વર્ષીય પરિણીતાનો આપઘાત

સુરતઃ અડાજણમાં 28 વર્ષીય પરિણીતાએ ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મળેલી માહિતી મુજબ, મૂળ મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના વતની પાર્થ મહેતા હાલમાં અડાજણના પ્રથમ સર્કલ ઓમકાર સૂરીભવન પાસે આવેલ નોવા શીતલનાથ બિલ્ડીંગમાં પત્ની જિનાંગી (28 વર્ષ) તેમજ એક પુત્ર સાથે રહે છે. તે મહિધરપુરા વિસ્તારમાં ચાંદીના દાગીના બનાવવાના વ્યવસાય સાથે જોડાયેલા છે. સોમવારે સાંજે જીનાંગીએ ઘરના બેડરૂમમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. જોકે બનાવની જાણ થતા પરિવારજનો તત્કાલિકને દોડીને જીનાંગીને નીચે ઉતારી હતી અને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ તેને યોગ્ય સારવાર મળે તે પહેલા જ તેનું મોત થયું હતું. જીનાંગીએ ક્યાં કારણસર આત્મહત્યા કરી છે, તે જાણવા માટે અડાજણ પોલીસના એએસઆઈ હેતલ બેને વધુ તપાસ હાથ ધરી છે.

## ૪૭.૫૦ લાખના ચેક બાઉન્સ કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા

સુરતઃ ૪૭.૫૦ લાખના ચેક બાઉન્સ કેસમાં આમોદનાં આરોપી રણમલસિંહ ખુમાનસિંહ રાજને કોર્ટે બે વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો હતો. આ કેસની વિગત મુજબ ઓલપાડનાં સોલામીંઠા ગામના ફરિયાદી જયદીપ સુરેન્દ્રસિંહ માટીએડાએ દૂરના સગા આરોપી રણમલસિંહ ખુમાનસિંહ રાજને પૈસાની જરૂર પડતા હાથ ઉછીના તરીકે આરટીજીએસથી રૂ. ૪૭.૫૦ લાખ આપ્યાં હતાં. જે પેટે આરોપી રણમલસિંહએ ફરિયાદી જયદીપને સાત ચેક આપ્યાં હતાં. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સફળ થતાં ઓલપાડ કોર્ટે આરોપીને બે વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો. આ સાથે આરોપી સામે વોરંટ ઈસ્યુ કરાયો હતો.

## લગ્નના દસ જ મહિનામાં પાંડેસરાના યુવકે એસિડ પીધો

સુરતઃ પાંડેસરામાં લગ્નના દસ મહિનામાં યુવકે એસિડ પીને આપઘાત કરી લીધો હતો. મૃતક યુવકે ઘર કંકાસમાં આપઘાત કર્યો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ ઓરિસ્સાના વતની સુદામ સજેશ્વર દાસ (27 વર્ષ) હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલા વિનાયક નગરમાં રહેતો હતો અને લુમ્સ ખાતામાં નોકરી કરતો હતો. ગત તારીખ 17મીએ રાત્રે તેણે ઘરમાં એસિડ પી લીધું હતું. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું. દસ માસ પહેલા લગ્ન થયા હતા.

## શેરબજારમાં રૂપિયા ડૂબી જતાં સરથાણાના યુવાનનો આપઘાત

સુરતઃ સરથાણામાં શેરબજારમાં રૂપિયા ડૂબી જતા યુવકે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના વતની જેકીશન રમેશભાઈ ગજેરા (29 વર્ષ) હાલમાં સરથાણા વિસ્તારમાં આવેલ ગોવિંદજી રેસિડેન્સીમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા અને ફેબ્રિકેશનના કામ સાથે સંકળાયેલા હતા. તેણે સોમવારે બપોરે ઘરમાં ઝેર પી લેતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. જેકીશને શેરબજારમાં રૂપિયા રોક્યા હતા. જે રૂપિયામાં નુકશાન થતા તે નાણાકીય તકલીફ અનુભવતો હતો. જેના લીધે તે ટેન્શનમાં આવી આ પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

## ડુમસના દરિયામાં પેટ્રોલિંગ માટે બોટ




ડુમસના દરિયામાં પોલીસ સરળતાથી પેટ્રોલિંગ કરી શકે તે માટે બોટ વસાવવામાં આવી છે. ડુમસ પોલીસ સ્ટેશનની બહાર મૂકાયેલી આ બોટને લોકો કૂતુહલથી નિહાળે છે. **(તસવીર : સતીષ જાદવ)**

## ૪૫ લાખના સોનાના બિસ્કિટ ચોરી લેનારના જામીન નામંજૂર

સુરતઃ મુસાફરનું ખિસ્સું કાતરી રૂપિયા ૪૫ લાખની કિંમતના સોનાના ત્રણ બિસ્કિટ સેરવી જનાર ચોરની જામીન અરજી રેલવે કોર્ટે ફગાવી દીધી હતી.

પાર્લે પોઈન્ટ વિસ્તારમાં રહેતા કાંતિલાલ મહેતા ગત તા. ૯મી મેના રોજ પોતાના વતનથી ભુજ-બાંદ્રા એક્સપ્રેસ ટ્રેન દ્વારા સુરત રેલવે સ્ટેશને પરત ફર્યા હતા. ત્યારે તેમના પેન્ટનું ખિસ્સું કાપી રૂ.૪૫ લાખના ત્રણ સોનાના બિસ્કિટ ચોરી લીધા હતા.

આ કેસમાં રેલવે પોલીસે આરોપી કરણભાઈ શંકરભાઈ મકવાણાની ધરપકડ કરી મુદામાલ કબજે કર્યા હતા. આ કેસમાં જામીન પર છૂટવા માટે આરોપીએ જામીન અરજી કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ માર્ટિન પરમારે જામીન અરજીનો વિરોધ કર્યો હતો. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ રેલવે કોર્ટના જજ ડી.જી.વાઘેલાએ આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

# સુરતમાં ૭ દિવસમાં ૩ અજાણ્યા મૃતદેહ મળતાં પોલીસ દોડતી થઈ

**યુવકના** હાથ પર 'હરે રામ'નું ટેટૂ છે જેના આધારે ઓળખ ન થતાં પોલીસ મૂંઝવણમાં

સુરતઃશહેરમાં 7 દિવસમાં ત્રણ અજાણ્યા માણસોના મૃતદેહ મળતા પોલીસ દોડતી થઈ હતી. આ ત્રણ ઘટનાઓ પૈકી એકમાં યુવકની નિર્મમ હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે,

જ્યારે અન્ય બે ઘટનામાં આકસ્મિક મોતનો ગુનો નોંધીને પોલીસે તપાસ શરૂ કરી છે. મૃતકોની ઓળખ ન થતાં હાલ તો પોલીસ માટે ગુનાનો ભેદ ઉકેલવાનું કામ કપરું બની ગયું હતું.

અઠવાડિયામાં ત્રણ લાશો મળતાં અલથાણ, પાંડેસરા અને લિંબાયત પોલીસ તમામની ઓળખ મેળવવા માટે રાત-દિવસ એક કરી રહી છે.

### બમરોલી ખાડીમાંથી હાથ-પગ બાંધેલી લાશ મળી

૧૮ મેના રોજ બમરોલી વિસ્તારની ખાડીમાંથી એક અજાણ્યા યુવકની લાશ તરતી મળી આવી હતી, જેના હાથ અને પગ દોરડા વડે બાંધેલા હતા. અલથાણ પોલીસે અજાણ્યા હત્યારાઓ સામે મર્ડરનો ગુનો દાખલ કર્યો છે. મૃતકના હાથ પર 'હરે રામ' લખેલું એક ટેટૂ બનેલું છે.

### નારાયણ નગર ખાડીમાંથી પણ મૃતદેહ મળ્યો

૨૩ મેના રોજ લિંબાયત વિસ્તારની નારાયણ નગર ખાડીમાંથી વધુ એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિક લોકોની માહિતીના આધારે લિંબાયત પોલીસે લાશને બહાર કાઢી પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી હતી. આજુબાજુના રહીશોમાં પૂછપરછ કરવા છતાં આ યુવક કોણ છે તેની કોઈ કડી મળી શકી નથી.

### પાંડેસરામાં અગાસી પરથી કોહવાયેલો મૃતદેહ મળ્યો

હજુ ખાડીનો ભેદ ઉકેલાયો નહોતો ત્યાં ૨૪ મેના રોજ પાંડેસરાની એલઆઈજી ૫૭૦ સોસાયટીમાં બે માળની બિલ્ડિંગની અગાશી પરથી એક અજાણ્યા પુરુષની સડી ગયેલી લાશ મળી આવી હતી. પ્રાથમિક અનુમાન મુજબ લાશ ત્રણેક દિવસ જૂની હોવાથી તે કહોવાઈ ગઈ હતી. આ અજાણ્યો શખ્સ સોસાયટીમાં ક્યારે આવ્યો અને અગાશી પર કઈ રીતે પહોંચ્યો તે એક ઘેરા રહસ્ય સમાન છે.

## ઉધનામાં ઘરના ટેરેસનું પતરું તોડી રૂ.૭.૧૦ લાખની ચોરી

**પાડોશી** જ નીકળ્યો ચોર, ગણતરીના કલાકોમા પોલીસે ઝડપી પાડ્યો રૂ.૩.૦૧ લાખનો મુદ્દામાલ રિકવર

સુરતઃ ઉધના અશોક સમ્રાટનગર મોરારજી વસાહતના એક મકાનને ટાર્ગેટ કરી ટેસનું પતરું તોડી ૭.૧૦ લાખની મત્તા ચોરી જનારો એ જ સોસાયટીનો રહીશ નીકળ્યો હતો. પોલીસે તેને પકડી ૩.૦૧ લાખની મત્તા કબજે લીધી છે. એક જ સોસાયટીમાં હોવાથી જે ઘરને ટાર્ગેટ કર્યું તે ઘરમાં ટૂંક સમયમાં લગ્ન પ્રસંગ હોવાની માહિતી હોઈ અને બનવાના દિવસે ઘરે કોઈ ન હોવાની માહિતી હોવાથી ઘરમાં ઘૂસી ચોરી કરી જતી.

ગત તા. ૨૧/૦૫/૨૦૨૬ ના રોજ રાત્રિના ૧૦:૩૦થી પોણા બે વાગ્યા સુધીમાં ઉધના અશોક સમ્રાટનગર, મોરારજી વસાહત (ઘર નં. ૨૨૯) ખાતે રહેતા જગદીશચંદ્ર કલાલના મકાનને તસ્કરે નિશાન બનાવ્યું હતું. અજાણ્યા ચોર ઈસમે ટેરેસ પરની સીડીનું પતરું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. તસ્કર ઘરમાંથી રોકડા પાંચ લાખ અને સોના-ચાંદીનાં ઘરેણાં (કિંમત ૨,૧૦,૪૯૩/-) મળી કુલ ૭.૧૦ લાખની મત્તા ચોરીને નાસી છૂટ્યો હતો. દરમિયાન સર્વેલન્સની ટીમે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ ફંગોળ્યા હતા. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ફૂટેજના આધારે મોરારજી વસાહત રોડ નં. ૯ ખાતે રહેતા અને મજૂરી કામ કરતા સુનીલ ઉર્ફે સમો મુકુંદભાઈ રાઠોડ (ઉં.વ. ૨૭) ને શંકાના આધારે રાઉન્ડઅપ કરીને પૂછપરછ કરતા તેણે ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી કિંમત ૩,૦૧, ૮૯૩રૂપિયાનો મુદ્દામાલ કબજે લીધો છે. પોલીસે આ ગુનામાં અન્યની સંડોવણી હોવાની શંકા વ્યક્ત કરી તે દિશામાં તપાસ આદરી વધુ મુદ્દા માલ રિકવરી કરવાના પર્યત્નો શરૂ કર્યા છે.

# ભાજપ કાર્યકર્તાની હત્યામાં વધુ ત્રણ આરોપી પકડાયા

**એક** રાજસ્થાન અને બે સુરતમાંથી પકડાયા

**દારૂના** અડ્ડા માટે બદનામ ઉધના રોડ નંબર છ ઉપર ડિંડોલીના ભાજપના યુવા કાર્યકરની હત્યા કરી દેવાઈ હતી

સુરતઃ ઉધના રોડ નંબર છ ઉપર ભાજપના કાર્યકર જય દલાલની ઘાતકી હત્યા કરનાર કિશન ઉર્ફે ચકલીના અન્ય ત્રણ સાગરીતની પોલીસે રાજસ્થાન અને સુરતથી પકડી પાડ્યા છે. ચકચારી હત્યાના વખતે પૂરણ ચંદેલ ચકલી સાથે બાઈક પર ગયો હતો અને હત્યા વખતે સાથે અન્યો પણ સાથે જ હતા અને ભાગી છૂટ્યા હતા. ગત ૧૮મીની રાત્રે સાડા બાર વાગ્યે દારૂના અડ્ડા માટે બદનામ ઉધના રોડ નંબર છ ઉપર ડિંડોલીના ભાજપના યુવા કાર્યકર જય દલાલની ઘાતકી હત્યા કરી દેવાઈ હતી. ગુનાહિત ઈતિહાસ ધરાવતા અનેપાસામાથી તાજેતરમાં જ છૂટીને આવેલા કિશન ઉર્ફે ચકલી સોમા પરમાર, પંકજ પટેલ અને મિલિન્દ કોળીએ આ હત્યાને અંજામ આપ્યો હતો. હત્યા તો ત્રણ સાગરીતોએ કરી હતી, પરંતુ તેમને શેહ આપવા વાળા બીજા ચારેક ટપોરીઓ પણ તેમની સાથે જ હતા. હત્યામાં સામેલ મિલીન્દ નવલ કોળી અને તેના બે સાગરીતોની મહારાષ્ટ્રથી ધરપકડ કરી હતી. ઉધના સર્વેલન્સ ટીમને મળેલી ચોક્કસ બાતમી અને ટેકનિકલ લોકેશનના આધારે પ્રથમ આરોપી પુરણ નાનુરામ ચંદેલ (ઉં.વ.૨૮, રહે., ઓમનગર સોસાયટી, ડિંડોલી, મૂળ ચિત્તોડગઢ, રાજસ્થાન)ને રાજસ્થાનના માત્રીકુંડીયા ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે અન્ય બે આરોપી સતિષ ભાસ્કરભાઈ સોનાર (ઉં.વ.૨૯, રહે., દેવદર્શન રેસિડન્સી, ડિંડોલી, મૂળ ભુસાવલ, મહારાષ્ટ્ર) અને અજય ચંદ્રકાંત કોઠવે (ઉં.વ.૩૧, રહે., વાઘરીવાડ, ભેસ્તાન, મૂળ જલગાંવ, મહારાષ્ટ્ર)ને સુરત ખાતેથી જ દબોચી લેવાયા હતા.

### પકડાયેલા આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલા આરોપીઓ પૈકી અજય ચંદ્રકાંત કોઠવે સામે અગાઉ પાંડેસરા, પારડી (વલસાડ) અને વાપી રેલવે પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન તથા મારામારીના ૪ ગુના નોંધાઈ ચૂક્યા છે. જ્યારે સતિષ સોનાર સામે પણ સચિન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલો છે. જ્યારે રાજસ્થાનથી પકડાયેલા પુરણ ચંદેલનો ગુનાહિત ઇતિહાસ નીલ છે.

## દોઢ વર્ષની પુત્રીને પછાડી મારી નાંખનાર પિતાને આજીવન કેદ

**નાની** દીકરી મારી નથી હોવાનો વહેમ રાખતા પિતાનું કૃત્ય

સુરતઃ નાની દિકરી મારી નથી તેવો વહેમ રાખી પત્ની જોડે ઝઘડતી વખતે રડતી દોઢ વર્ષની નાની દિકરીને પછાડી મારી નાંખનાર પિતાને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. આ બનાવ અંગેની ફરિયાદ વર્ષ ૨૦૨૦મા કોસંબા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. માંગરોળના તરસાડી ગામ રહેતી કાજલબેન જયેશભાઈ વસાવાએ પતિ જયેશભાઈ મંગાભાઈ વસાવા વિરુદ્ધ ફરિયાદ કરી હતી. ફરિયાદની હકીકત મુજબ ફરિયાદી પત્ની પર આરોપી પતિએ વહેમ રાખી તારો કોઈની સાથે આડો સબંધ હતો અને આ દીકરી વૈશાલી મારી દિકરી નથી તે બીજાની છે, તેમ કહી ઝઘડો કરી મારઝૂડ કરતો હતો. તા. ૨૫/૦૪/૨૦૨૦ ના રોજ રાત્રિના આઠેક વાગે પતિ ફરીથી પત્ની ઉપર ખોટો વહેમ રાખીને ઝઘડો કરી આજે તને હું જાનથી મારી જ નાંખીશ તેમ ધમકી આપીને માર મારતા નાની દીકરી વૈશાલી રડવા લાગતા આ આરોપીએ દિકરીને મોંઢા ઉપર તમાચા મારી જમીન સાથે જોર જોરથી પછાડી માતાની સામે હત્યા કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ દિપેશ દવે કેસ પુરવાર કરવામાં સફળ થતાં સેશન્સ કોર્ટના જજ ભાવેશ અવાશીયાએ આરોપી પિતાને આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

### હજુ દુનિયા જોવાની શરૂ કરી હતી ત્યાં જ તેના જીવનનો અંત આણી દેવાયો

આરોપી દ્વારા માત્ર એક વહેમના કારણે પોતાની જ દોઢ વર્ષની માસુમ અને નિર્દોષ પુત્રીનું મૃત્યુ નીપજાવ્યું છે. મરણ જનારે હજુ દુનિયા જોવાની શરૂ કરી હતી ત્યાંજ તેનાં જીવનનો અંત આરોપીએ લાવી દીધો. જેથી આરોપી દ્વારા આચરવામાં આવેલા ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં ગુના માટે આરોપીને ઓછામાં ઓછી આજીવન કેદની સજા કરવામાં આવે તથા વાજબી રકમનો દંડ કરવાનો હુકમ કરવામાં આવશે તો તે ન્યાયોચિત ગણાશે તેમ કોર્ટે માન્યું હતું.

# વસતી ગણતરીની તાલીમમાં ગેરહાજર 1775 બેંક કર્મીને નોટિસ

**મનપાએ** તમામ ગેરહાજર રાષ્ટ્રીયકૃત બેંક કર્મચારીઓને કારણદર્શક નોટિસ ફટકારી

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી સમયમાં હાથ ધરાનારી ડિજિટલ વસતી ગણતરીની પૂર્વ તૈયારીઓ વચ્ચે વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. શહેરમાં વસતી ગણતરીની આ રાષ્ટ્રીય કામગીરીને સુચારુરૂપે પૂર્ણ કરવા માટે મનપાને કુલ 2007 સુપરવાઈઝર અને 10,804 ગણતરીદારો સહિત 10 ટકા અનામત સ્ટાફની જરૂરિયાત છે, જેની સામે હાલ 2007 સુપરવાઈઝર અને 8604 ગણતરીદારોના ઓર્ડર જારી કરી દેવાયા છે.

આ મહત્ત્વપૂર્ણ ફરજ માટે વિવિધ સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ ઉપરાંત આશરે 10 જેટલી રાષ્ટ્રીયકૃત બેંકોના 1997 કર્મચારીને પણ સુપરવાઈઝર અને ગણતરીદાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. શહેરના જુદા જુદા ઝોનની શાળાઓમાં આ સ્ટાફ માટે અંતિમ તબક્કાની વિશેષ તાલીમ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ ચોંકાવનારી બાબત એ સામે આવી કે આ તાલીમમાં 1997 કર્મચારીમાંથી માત્ર 222 કર્મચારી જ ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે 1775 જેટલો મોટો સ્ટાફ પૂર્વ મંજૂરી વગર ગેરહાજર નોંધાયો હતો. મનપાના સેન્સસ વિભાગે આ સામૂહિક ઉદાસીનતાને ગંભીર બેદરકારી ગણાવી કડક વલણ અપનાવ્યું છે અને તમામ ગેરહાજર કર્મચારીઓને કારણદર્શક નોટિસ ફટકારી દીધી છે. નોટિસમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, આ પ્રકારની વહીવટી શિસ્તહીનતા અસ્વીકાર્ય છે, તેથી આ રાષ્ટ્રીય કાર્યમાં વિલંબ ઊભો કરવા બદલ તેમની સામે પોલીસ ફરિયાદ કેમ ન દાખલ કરવી તેનો એક જ દિવસમાં લેખિત ખુલાસો રજૂ કરવો પડશે. અન્યથા સમયમર્યાદા બાદ કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

બીજી તરફ આ સમગ્ર ગૂંચવણ પાછળ બેંક કર્મચારીઓ, ઉચ્ચ બેંક સત્તાધીશો અને કર્મચારી યુનિયનો વચ્ચે આંતરિક મતભેદો હોવાનું સપાટી પર આવ્યું છે.

## MPમાં બે સાધ્વીજીનાં ભેદી મોતના વિરોધમાં કાલે સુરતમાં મૌન રેલી

સુરતઃ મધ્યપ્રદેશના રીવા ખાતે દિગંબર જૈન સાધ્વીજી ભગવંત શ્રી શ્રુતમતિ માતાજી તથા પ.પૂ. ઉપશમ માતાજીના કાર અકસ્માતમાં થયેલા દુઃખદ અવસાન બાદ સમગ્ર જૈન સમાજમાં ભારે રોષ ફેલાયો છે. આ અકસ્માત નહીં પણ હત્યા હોવાની વાતને લઈ જૈન સમાજમાં ભય ફેલાયો હતો. આ ઘટનાના વિરોધમાં તેમજ જૈન સાધુ-સંતોની સુરક્ષાની માંગ સાથે સમસ્ત જૈન સમાજ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવશે. રેલીમાં દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી અને તેરાપંથી સમાજના આગેવાનો તથા મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ જોડાશે. આ મૌન રેલી સવારે 8:30 વાગ્યે પાર્લે પોઈન્ટ સ્થિત સરગમ શોપિંગ સેન્ટરથી પ્રારંભ થઈ કલેક્ટર કચેરી સુધી જશે. આયોજકો દ્વારા દરેક જૈન પરિવારને રેલીમાં ઉપસ્થિત રહી જૈન એકતાનું પ્રદર્શન કરવા અપીલ કરવામાં આવી છે.

**પ્રદેશ દ્વારા જ સભ્યો નક્કી થવાના હોવાથી ગાંધીનગર સુધી માથાપચ્ચી**

# એક હજાર કરોડનું બજેટ ધરાવતી શિક્ષણ સમિતિ માટે ભાજપમાં પડાપડી

**અધ્યક્ષ** અને ઉપાધ્યક્ષ સહિત સમિતિના 12 સભ્યો નક્કી કરવા માટે ભારે લોબિંગ

**સેન્સ** પ્રક્રિયા પૂરી થઈ ચૂકી હોવાથી છેલ્લી ઘડીનું જોર શરૂ

સુરતઃસુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે મેળવેલી 115 બેઠકોની ઐતિહાસિક જીત બાદ હવે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની રચનાને લઈને રાજકીય માહોલ ગરમ થયો છે. આ વખતે સૌથી મોટો ફેરફાર એ જોવા મળી રહ્યો છે કે શિક્ષણ સમિતિના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ઉપરાંત તમામ 12 સભ્યોની પસંદગી સુરત શહેર ભાજપ નહીં, પરંતુ સીધી પ્રદેશ દ્વારા ગાંધીનગરથી કરવામાં આવશે.

મેયર અને અન્ય પદાધિકારીઓની વરણી વખતે જ નિરીક્ષકોની ટીમે શિક્ષણ સમિતિ માટે પણ સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી લીધી હોવાથી, સ્થાનિક સંગઠનની ભૂમિકા માત્ર દાવેદારોના બાયોડેટા એકત્ર કરવા પૂરતી જ મર્યાદિત રહી ગઈ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. બીજી તરફ, સમિતિમાં સ્થાન મેળવવા માટે કાર્યકરો અને આગેવાનોમાં ભારે દોડધામ મચી ગઈ છે અને માત્ર 12 બેઠકો માટે 240 કરતાં પણ વધુ આશાસ્પદ દાવેદારો મેદાનમાં ઉતારતાં આંતરિક લોબિંગ અને ગોઠવણોની રાજકીય રમત ચરમસીમાએ પહોંચી છે.

રૂપિયા એક હજાર કરોડ કરતાં પણ વધુનું બજેટ ધરાવતી સુરત મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિ આર્થિક અને વહીવટી દ્રષ્ટિએ અત્યંત પ્રભાવશાળી માનવામાં આવે છે. મહાનગરપાલિકા સંચાલિત સરકારી શાળાઓની દેખરેખ, શૈક્ષણિક નીતિઓનું ઘડતર, નવી શાળાઓની મંજૂરી, શિક્ષકોની ભરતી અને બજેટ ફાળવણી જેવા પાયાના નિર્ણયો આ સમિતિ હસ્તક હોવાથી તેમાં જોડાવા માટે સૌ કોઈ ઉત્સુક છે. સામાન્ય રીતે વિપક્ષની હાજરી રહેતી હોય છે, પરંતુ આ વખતે ભાજપ પાસે 120 માંથી 115 કોર્પોરેટરોનું જંગી સંખ્યાબળ હોવાને કારણે શિક્ષણ સમિતિ સંપૂર્ણપણે વિપક્ષ વગરની એટલે કે માત્ર ભાજપ શાસિત બનશે તે સ્પષ્ટ છે. વિરોધ પક્ષનો એક પણ સભ્ય સમિતિમાં સ્થાન મેળવી શકે તેમ ન હોવાથી, હવે ભાજપના જ કાર્યકરો વચ્ચેની આ આંતરિક સ્પર્ધા અને પ્રદેશ કક્ષાએ ચાલી રહેલું લોબિંગ સુરતના રાજકારણમાં ભારે કુતૂહલ જગાવી રહ્યું છે.


**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

વેડ રોડ શાખા : દુકાન નં.૧૪ થી ૧૯, સીલ્વર સ્ટોન આર્કેડ, સીંગણપોર, સુરત. ફોન : ૦૨૬૧-૨૫૧૪૭૦૦/૮૦૦ E-mail : vedsur@bankofbaroda.com

**(સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ) દેવાદારને નોટીસ**

પ્રતિ, ૧) **મેસર્સ વિધી ક્રિએશન (એક ભાગીદારી પેઢી),**
પ્લોટ નં. ૯, ૧૦, ૧૧ અને ૧૨, ૫મો માળ, તુલસી ઈન્ડસ્ટ્રી, પંડોલ ઈન્ડસ્ટ્રી, સુરત- ૩૯૫૦૦૪.
૨) **શ્રી મહેશભાઈ ઓધવજીભાઈ નાવડીયા (માલિક)**
૩) **શ્રીમતી સંગીતાબેન મહેશભાઈ નાવડીયા (જામીનદાર)**
ફ્લેટ નં. એ-૧૩૦૨, સુકન સ્કાય, ડભોલી લીંક રોડ, સીંગણપોર, સુરત- ૩૯૫૦૦૪.

મહેરબાનશ્રી,
**વિષય : અમારી વેડ રોડ શાખા માંથી ક્રેડીટ સુવિધા અંગે.**

અમારા **તા.૧૮.૦૨.૨૦૨૬** ના પત્ર ક્રમાંક BOB/MSME/VED ROAD/2025-26માં બેંકની બાકી અંગે ના સંદર્ભમાં ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી મિલકત સુરક્ષિત કરીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

| સુવિધાનો પ્રકાર | લીમીટ | વ્યાજનો દર હાલનો | ૧૭.૦૫.૨૦૨૬ ના રોજની બાકી | કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત |
|---|---|---|---|---|
| ટર્મ લોન ખાતા નં. ૩૩૬૯૦ ૬૦૦૦૦ ૫૮૮૧ | રૂ. ૪૮,૬૦,૦૦૦/- | ૧૨.૯૦% + ૨% (પેનલ વ્યાજ) હાલનું | રૂ.૩૫,૫૦,૨૦૮.૨૨ મુળ રકમ + લાગુ નહી કરેલ વ્યાજ રૂ.૩૩૦૫૭.૪૩ + અનસર્વિસ્ડ વ્યાજ રૂ.૦૦ + ચક્રવૃદ્ધિ વ્યાજ રૂ.૦૦ = રૂ.૩૫,૮૩,૨૬૫.૬૫+વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | કંપનીના વર્તમાન અને ભવિષ્યના તમામ કાચા માલ, સ્ટોક-ઈન-પ્રોસેસ, સ્ટોર્સ અને સ્પેરપાર્ટસ, પેકિંગ મટીરીયલ્સ, ફિનીશ્ડ માલ અને બુક-ડેબ્ટ્સનું ફેક્ટરી ની જગ્યામાં હાઈપોથીકેશન થયેલ છે. |
| કેશ ક્રેડિટ લોન ખાતા ૩૩૬૯૦ ૫૦૦૦૦ ૦૦૫૭ | રૂ. ૧૦,૦૦,૦૦૦/- | ૧૨.૯૦% + ૨% (પેનલ વ્યાજ) હાલનું | રૂ.૯,૯૭,૮૫૧.૯૨ મુળ રકમ + લાગુ નહી કરેલ વ્યાજ રૂ.૬૫૦૭.૯૮ + અનસર્વિસ્ડ વ્યાજરૂ.૦૦ + રૂ. ૨૬૦ ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂ.૧૦,૦૪,૬૧૯.૯ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | |
| કુલ : | રૂ. ૫૮,૬૦,૦૦૦/- | | રૂ.૪૫,૮૭,૮૮૫.૫૫ + વ્યાજઅને તેના પર અન્ય ચાર્જીસ | |

**મિલકતની વિગત :** પ્લોટ નં. ૯, ૧૦, ૧૧, અને ૧૨, ૫મો માળ, તુલસી ઈન્ડસ્ટ્રી, પંડોલ ઈન્ડસ્ટ્રી ખાતે આવેલ કંપનીના તમામ કાચા માલ, સ્ટોક-ઈન-પ્રોસેસ, સ્ટોર્સ અને સ્પેર્સપાર્ટ્સ પેકિંગ મટીરીયલ્સ, ફિનિશ્ડ ગુડ્સ અને બુક- ડેબ્ટસનું હાઈપોથીકેશન થયેલ છે.

૧) તમારામાંથી ૧ અને ૨ દસ્તાવેજોના આધારે જવાબદારી સ્વાકારી છે. અને તમારા માંથી ૩ એ **તા.૧૮.૦૨.૨૦૧૬** ના રોજ બેંકની રકમ **રૂ.૫૮,૬૦,૦૦૦/-** બેંકની ગાઈડલાઈન મુજબ બેંક ના અન્ય ચાર્જીસની જવાબદારી સ્વીકારી છે.૨) તમે જાણો છો કે તમે ઉપરોક્ત ક્રેડિટ સુવિધાઓમાં કસુર કર્યો છે.(ઉપરોક્ત નાણાંકીય સહાય/ ક્રીડટ સુવિધાઓનું સંચાલન અને સંચાલન અનિયમિત થઈ ગયુ છે) તે મુજબ **માર્ચ-૨૦૨૬** ના રોજ પૂરા થયેલ ત્રીમાસિકમાં ગાળા માટે ઉપરોક્ત ખાતા ને **૩૧.૦૩.૨૦૨૬** ના રોજ નોન પર્ફોમિંગ એસેટ્સ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરેલ છે. ૩) તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૩૧.૦૩.૨૦૨૬** ના રોજ નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૪) લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા-૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂ.૪૫૮૭૮૮૫.૫૫/- + વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૫) કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા-૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૬) તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા-૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૭) વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત-જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હક્ક પ્રાપ્ત થશે નહી.** ૮) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

**તા.૨૦.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, વેડ રોડ શાખા, બેંક ઓફ બરોડા.**



**(ભારત સરકાર, નાણા મંત્રાલય)**
**ઋણ વસૂલી અધિકરણ-II**
ચોથો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ નજીક, પાલડી, અમદાવાદ, ગુજરાત

**ફોર્મ નં. ૨૨(અગાઉ ૬૨) [ડીઆરટી રેગ્યુલેશન ૨૦૧૫ નું રેગ્યુલેશન ૩૬ અને ૩૭) (આવકવેરા કાયદો, ૧૯૬૧ ના નિયમના બીજા પરિશિષ્ટનો નિયમ ૫૨(૧)(૨)] ઋણ વસૂલી અને બેંક અને નાણાકીય સંસ્થાના એક્ટ ૧૯૯૩ સાથે વંચાણે લઈ**

**ઈ-હરાજી / વેચાણ નોટીસ**
રજી. નં. એડી/દસ્તી/એફિકસેશન/ બીટ ઓફ ડ્રમ / પબ્લીકેશન

| | | | |
|---|---|---|---|
| ટી.આર.પી./ટી.આર.સી. નં. | ૩૧/૨૦૨૩ | ઓ.એ. નં. | ૪૮૧/૨૦૧૭ |
| સર્ટિફિકેટ ધારક બેંક | | બેંક ઓફ ઈન્ડિયા | |
| | | વિરૂદ્ધ | |
| સર્ટિફિકેટ ઉધારકર્તા | | કનેરીયા ગ્રેનાઈટ લીમીટેડ અને અન્યો | |

પ્રતિ
**પ્રમાણિત દેવાદાર નં.૧ : કનેરીયા ગ્રેનાઈટ લિમીટેડ.** ભુતપુર્વ ગ્રોમેર ગ્લાસ અને સીરામીક પી. લિમીટેડ, રજીસ્ટર્ડ ઓફિસ : ૬૦૨/એ/૨, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસ પાસે, સરકારી બહુમાળી ઈમારતની પાછળ, અઠવાગેટ, સુરત -૩૯૫૦૦૧
**અને યુનિટ ધરાવતી મુ. :** પ્લોટ નં. ૩-એ, રે. સ. નં. ૩ મોજે ગામ. વડદલા, દહેજ બંદર રોડ, તા. વાગરા, જી.ભરૂચ.
**પ્રમાણિત દેવાદાર નં.૨ : શ્રી અનિલ દુદાભાઈ કનેરીયા :** રહેઠાણ : ૮૦૩, સાગર પેલેસ, મકનજી પાર્ક રાંદેર, સુરત-૩૯૫૦૦૧.
**પ્રમાણિત દેવાદાર નં.૩ : શ્રી મનોજ દુદાભાઈ કનેરીયા :** રહેઠાણ : ૪૦૩, મુરૂલીધર એપાર્ટમેન્ટ, સીટીલાઈટ રોડ, અઠવાલાઈન, સુરત.
**પ્રમાણિત દેવાદાર નં.૪ : શ્રી જેન્તી વસારામ મોડિયા :** રહેઠાણ : ૮૦૩, સાગર પેલેસ, મકનજી પાર્ક રાંદેર, સુરત-૩૯૫૦૦૧.
**પ્રમાણિત દેવાદાર નં.૫ : શ્રીમતી શિતલ અનિલ કનેરીયા :** રહેઠાણ : ૮૦૩, સાગર પેલેસ, મકનજી પાર્ક રાંદેર, સુરત-૩૯૫૦૦૧.
**પ્રમાણિત દેવાદાર નં.૬ : મેસર્સ વિવેકાનંદ એન્ટરપ્રાઈઝ :** રહેઠાણ : સીટી સર્વે નં. ૧ બ્લોક નં. એ/૬૦૨, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસ પાસે, સરકારી બહુમાળી ઈમારતની પાછળ, અઠવાગેટ, સુરત -૩૯૫૦૦૧.
**પ્રમાણિત દેવાદાર નં.૭ : મેસર્સ ઓપેલ ગ્લાસ અને સીરામિક્સ :** રહેઠાણ મુ. : સીટી સર્વે નં. ૧, બ્લોક નં. એ/૬૦૨, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસ પાસે, સરકારી બહુમાળી ઈમારતની પાછળ, અઠવાગેટ, સુરત -૩૯૫૦૦૧

અહીં દર્શાવેલ પ્રમાણિત દેવાદાર નં.૧ થી ૭ **રૂ.૧૧૬,૫૧,૩૩,૨૩૯.૭૦ (અંકે રૂપિયા એકસો સોળ કરોડ એકાવન લાખ તેત્રીસ હજાર બસો ઓગણત્રીસ અને સીત્તેર પૈસા પુરા) તા.**૧૫.૦૪.૨૦૧૭ ના રોજના વ્યાજ સહિત ચુકવવામાં અસફળ થયા હોય, **તા.**૦૧.૦૨.૨૦૨૦ ના રોજના ચુકાદા અને હુકમ અનુસાર **ઓ.એ-નં.૪૮૧/૨૦૧૭** થી પસાર થયેલ મારા **તા.૦૨.૦૫.૨૦૨૬** ના હુકમ મુજબ નીચે દર્શાવેલ મિલકતો ઉપરોક્ત મેટર માટે ઈ-હરાજીથી વેચવામાં આવશે. હરાજીનું વેચાણ ઓનલાઈન, ઈ-હરાજી : https://baanknet.com ઉપર થી થશે.

| લોટ નં. | મિલકતની વિગત | અનામત કિંમત (રાઉન્ડ ઓફ) | ઈએમડી ૧૦% (રાઉન્ડ ઓફ) |
|---|---|---|---|
| ૧ | મિલકત કે જે જૂનો સર્વે નં. ૦૫, નવો સર્વે નં. ૮૧, 'કનેરીયા ગ્રેનાઈટ લીમિટેડ' રીલાઈન્સ પેટ્રોલ પંપ પાછળ, યુપીએલ લિમીટેડ, દહેજ જી.આઈ.ડી.સી રોડ, વડદલા - ૩૯૨૧૩૦, તા. વાગરા, જી. ભરૂચ. | રૂ.૧૪૪.૦૦ લાખ | રૂ.૧૪.૪૦ લાખ |
| ૨ | તિરૂપતી પ્લાઝા, એ- વિંગ, ૬ઠો માળ, ઓફિસ નં. ૬૦૬, સુડા ભવન બાજુ માં, ગર્લ્સ પોલીટેકનીક કોલેજ નજીક, નાનપુરા -૩૯૫૦૦૧, તા અને જી. સુરત. | રૂ.૪૩.૫૦ લાખ | રૂ.૦૪.૩૫ લાખ |

* અહેવાલ મુજબ લોટ નં. ૨ ના સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન ના રૂ. ૨૯૮૩૯૫ (અંદાજે).

નોંધ : ઈએમડી ઈ-હરાજી વેબસાઈટ દ્વારા બેંકનેટ વોલેટ એટલે કે Website : https://baanknet.com માં જમા કરવાનો રહેશે. સૌથી વધુ બિડ કરનારે તેની અંતિમ બિડની રકમના ૨૫% બેંકનેટ વોલેટમાં પહેલાથી ચૂકવેલ ઈએમડીના એડજેસ્ટમેન્ટ પછી તરત જ આગામી બેંકના કામકાજના દિવસે માં આરટીજીએસ/એનઈએફટી દ્વારા જમા કરાવવાની રહેશે.

| | |
|---|---|
| Bank Name & Address : | Bank of India, Asset Recovery Branch (ARB) Surat,C.O Bank of india, 5th Floor, Lalgate, Kanpith, Surat- 395003 |
| Account Name | Bank of india |
| Beneficiary Account No. : | 292090200000033 |
| IFSC Code : | BKID0002920 |
| Branch | Asset Recovery Branch, Surat |

(૧) બોલી વધારાની રકમ રૂ.૧,૦૦,૦૦૦/- લોટ ૧ અને રૂ. ૧૦,૦૦૦/- લોટ નં. ૨ માટે. (૨) ઈચ્છુક બીડરો ઓનલાઈન ટ્રેનીંગ માટે સર્વિસ પ્રોવાઈડર PSB Alliance (BAANKNET Auction Portal) (Tel Helpline No. +91 8291220220 અને શ્રી કશ્યપ પટેલ (Mobile No.9327493060). Helpline E-mail ID : support.BAANKNET@psballiance.com અને અન્ય મિલકત માટે સંપર્ક કરો શ્રી નરેશ રામભાઈ મકવાણા (મો નં. ૯૯૨૪૮૬૯૭૬૮)(૩) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે તેમની બીડ રજૂ કરતા પહેલા વેચાણ અંગેના નિયામો અને શરતો અને પ્રક્રિયા વિગતે જાણવા માટે વેબસાઈટ **https:// baanknet.com** જુઓ. (૪) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે હરાજીની કાર્યવાહી પૂર્ણ થતા તરત જ ૨૫% રકમ (ઈએમડી બાદ કરતાં) જમા કરાવવાની રહેશે અને ૭૫% રકમ ની ચુકવણી ૧૫ દિવસમાં કરવાની રહેશે. જો પંદરમો દિવસ રવિવાર અથવા કોઈ અન્ય રજાનો દિવસ હોય તો ત્યાર પછીના બેંકના કામકાજના દિવસે ચુકવવાના રહેશે. સમય વધારી આપવા માટેને કોઈપણ રજુઆત માન્ય રહેશે નહી. (૫) આ હરાજીમાં મુકેલ મિલકતો 'જ્યાં છે ત્યાં છે', 'જે છે તે છે' અને 'જેમ છે તેમ' ના ધોરણે કરવામાં આવશે. (૬) હરાજીની વિગતો નીચે મુજબ છે.

**હરાજીની વિગતો**

| | | |
|---|---|---|
| ૧ | મિલકતોનુ નિરીક્ષણ | ૨૨/૦૬/૨૦૨૬ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૨.૦૦ સુધી |
| ૨ | ઈએમડી સાથે બીડ સ્વીકારવાની અને પેમેન્ટ ના પ્રકારના પુરાવા સાથે ડોકયુમેન્ટ્સ અપલોડીંગ કરવાની છેલ્લી તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ સાંજે ૦૫.૦૦ સુધી |
| ૩ | ઈ-હરાજી | ૦૮/૦૭/૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ દરમ્યાન (નિયમ મુજબના ઓટોમેટીક ૦૩ મિનીટના વધારા સાથે ઈ-હરાજીની પૂર્ણતા સુધી) |

**(અનુભા દુબે) રીકવરી ઓફિસર-I, ડેબ્ટસ રિકવરી ટ્રીબ્યુનલ-II, અમદાવાદ**